# આસપાસ ચોપાસ

## દેવસ્થાનોની દિવ્યતા અને સમરસતાની જીવંત પરંપરા માટે કલમસર ગામ જાણીતું છે







કલમસર ગામ જીવંત ધાર્મિક પરંપરા, આધ્યાત્મિક વાતાવરણ અને સર્વધર્મ સમભાવની સંસ્કૃતિ માટે વિશેષ ઓળખ ધરાવે છે. ગામના વિવિધ વિસ્તારોમાં નિર્મિત દેવસ્થાનો અહીંના લોકોની અખંડ આસ્થા, ભક્તિભાવ અને સામૂહિક એકતાની સાક્ષી પૂરે છે. કલમસરમાં પ્રવેશતા જ ભક્તિ અને શાંતિનો અનુભવ થવા લાગે છે અને ગામનું સમગ્ર વાતાવરણ જાણે આધ્યાત્મિક ઊર્જાથી છલકાતું હોય તેવી અનુભૂતિ કરાવે છે. ગામમાં શ્રી હર્ષદભવાની માતાજી મંદિર, શ્રી બળીયાદેવ બાપા, શ્રી રામદેવજી મંદિર, મેલડી માતાજી મંદિર સહિત અનેક દેવસ્થાનો આવેલા છે. આ મંદિરો માત્ર પૂજા-અર્ચનાના સ્થળો નથી, પરંતુ ગામના સાંસ્કૃતિક અને સામાજિક જીવનના કેન્દ્રો પણ છે. ગામના પ્રવેશ માર્ગ નજીક ભગવાન શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી રામદેવપીર મંદિર અને મહાદેવ મંદિર ભક્તોને વિશેષ આકર્ષે છે. આ સાથે મુસ્લિમ સમુદાયનું ધર્મસ્થળ મસ્જિદ પણ ગામના ધાર્મિક જીવનનો અભિન્ન ભાગ છે. એક જ ગામમાં વિવિધ ધર્મોના ઉપાસના સ્થાનોનું સૌહાર્દપૂર્ણ સહઅસ્તિત્વ કલમસરની સમરસ સંસ્કૃતિને અનોખું ગૌરવ આપે છે. કલમસરમાં નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી અને મહાશિવરાત્રી જેવા હિંદુ તહેવારો ઉત્સાહપૂર્વક ઉજવાય છે. ઈદ અને ઉર્ષ જેવા મુસ્લિમ તહેવારો પણ એટલી જ શ્રદ્ધા અને સૌહાર્દ સાથે મનાવવામાં આવે છે. તહેવારોના અવસરે ગામના લોકો પરસ્પર શુભેચ્છા પાઠવીને ભાગીદારીનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. ધાર્મિક ઉજવણીઓ અહીં માત્ર વિધિ પૂરતી સીમિત નથી રહેતી, પરંતુ સામાજિક સ્નેહ, પરસ્પર માન અને માનવીય સંબંધોને વધુ ગાઢ બનાવે છે. ગામની પૂર્વ દિશામાં તળાવકાંઠે આવેલ બાપા સીતારામ દેવ મંદિર વિશેષ શાંતિ અને ભક્તિભાવનું સ્થાન ગણાય છે. તળાવના શાંત જળ અને મંદિરના પવિત્ર વાતાવરણથી ભક્તોને આંતરિક શાંતિનો અનુભવ થાય છે. ઘણા ગામલોકો અહીં પ્રાતઃકાળે અને સંધ્યાકાળે દર્શન માટે આવે છે. ઢળતી સંધ્યા કલમસર ગામની સૌથી મનોહર ક્ષણ ગણાય છે. સાંજ પડતાં મંદિરોમાં થતી આરતીની ઝાલરો, ઘંટનાદ અને ભજનના મધુર સ્વરો સમગ્ર ગામને આધ્યાત્મિક માહોલથી ઓતપ્રોત કરી દે છે. તે ક્ષણે ગામ જાણે ભક્તિરસમાં તરબોળ થઈ જાય છે અને દરેક હૃદયમાં આત્મીયતાનો દીપ પ્રગટે છે. કલમસર ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં દરેક ધર્મ અને જાતિના લોકો એકતા, પરસ્પર માન અને સમરસતાના ભાવ સાથે જીવન જીવે છે. ધાર્મિક વૈવિધ્ય હોવા છતાં હૃદયોની એકતા જ કલમસરની સાચી ઓળખ છે. આ ગામ ખરેખર આધ્યાત્મિક સૌહાર્દ, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને માનવીય એકતાનું પ્રેરણાદાયી ધામ બની રહ્યું છે.

## શિક્ષણ અને સંસ્કારનું પ્રેરણાદાયી કેન્દ્ર : કેળવણી મંડળ કલમસર સંચાલિત ઉ.બુ. વિદ્યાલય




ખંભાત તાલુકાના કલમસર ગામમાં કાર્યરત કેળવણી મંડળ કલમસર સંચાલિત ઉત્તર બુનિયાદી વિદ્યાલય છેલ્લા ૪૫ વર્ષથી વધુ સમયથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ અને ઉત્તમ સંસ્કારોનું સિંચન કરી રહી છે. શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતી આ સંસ્થા માત્ર અભ્યાસ પૂરતી સીમિત નથી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખી કાર્યરત છે. સંસ્થામાં આચાર્ય તરીકે જગતસિંહ પરમાર તેમજ અનુભવી, વિષય નિષ્ણાત અને ઉત્સાહી શિક્ષકોની ટીમ દ્વારા ઉમદા શિક્ષણકાર્ય કરવામાં આવે છે. ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતો પૂરતો સ્ટાફ વિદ્યાર્થીઓને વિષયવાર માર્ગદર્શન આપીને અભ્યાસમાં મજબૂત પાયો ઉભો કરવામાં મદદરૂપ બને છે. નિયમિત ટેસ્ટ અને મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવે છે.

આધુનિક યુગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી વિદ્યાલયના વર્ગખંડો અને સમગ્ર સંકુલને અત્યાધુનિક CCTV કેમેરાથી સજ્જ બનાવવામાં આવ્યું છે, જેથી શૈક્ષણિક શિસ્ત અને સલામતી બંને જળવાઈ રહે. વિદ્યાર્થીઓની હાજરી અંગે વિશેષ કાળજી રાખવામાં આવે છે અને ગેરહાજરીના દિવસે ફોન દ્વારા વાલીને જાણ કરવામાં આવે છે, જે સંસ્થાની જવાબદારીપૂર્ણ કાર્યશૈલીનું પ્રતિબિંબ છે. ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરીક્ષાની સઘન તૈયારી કરાવવામાં આવે છે. વધારાના વર્ગો, પુનરાવર્તન સત્રો અને વિષયવાર માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ પરિણામ પ્રાપ્ત કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સાથે સાથે કારકિર્દી ઘડતર માટે યોગ્ય માર્ગદર્શન આપીને વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવે છે. વિદ્યાલયમાં રમતગમતના પૂરતા સાધનો, વિશાળ મેદાન અને કુદરતી વાતાવરણ ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થીઓ શારીરિક વિકાસ સાથે માનસિક તાજગી પણ અનુભવે છે. વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તૃત્વ, નિબંધ, વિજ્ઞાન અને કલા પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાશક્તિનો વિકાસ કરવામાં આવે છે. અંતરિયાળ વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે કુમાર છાત્રાલયની નિશુલ્ક વ્યવસ્થા સંસ્થાની વિશેષતા ગણાય છે, જેના કારણે ગ્રામ્ય વિસ્તારોના વિદ્યાર્થીઓને અભ્યાસની સમાન તક મળે છે. સરકારશ્રી દ્વારા મફત પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે, જ્યારે KRIA ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે નોટબુક વિતરણ કરી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત દરેક વિદ્યાર્થીને શિષ્યવૃત્તિ યોજનાઓનો લાભ અપાવવામાં આવે છે તથા સરસ્વતી સાધના યોજના અંતર્ગત વિદ્યાર્થીનીઓને મફત સાયકલ આપવામાં આવે છે, જે કન્યા શિક્ષણને પ્રોત્સાહન આપતું મહત્વપૂર્ણ પગલું છે. શિક્ષણ, સંસ્કાર, શિસ્ત, સલામતી અને સર્વાંગી વિકાસના મજબૂત પાયા પર કાર્યરત ઉત્તર બુનિયાદી વિદ્યાલય, કલમસર આજે સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાસ્ત્રોત બની છે. કલમસર કેળવણી મંડળના પ્રમુખ તરીકે જીલુભા એન. સિંધા, ઉપપ્રમુખ તરીકે કલ્યાણસિંહ બી. પરમાર અને મંત્રી તરીકે કેસરીસિંહ સી. સિંધા જવાબદારી સંભાળે છે. જ્યારે કારોબારી સભ્યો તરીકે અન્ય ૧૨ સભ્યોની નિમણુંક કરવામાં આવી છે.

## કલ્યાણકારી યોજનાઓનો લાભ નાગરિકોને મળે તે માટે પંચાયત દ્વારા સક્રિય કામગીરી કરવામાં આવે છે





કલમસર ગામની ગ્રામ પંચાયત ગામના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહી છે. “સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ અને સમૃદ્ધ ગામ”ના ધ્યેય સાથે પંચાયત દ્વારા વિકાસલક્ષી યોજનાઓનું અસરકારક આયોજન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગામમાં આધુનિક સુવિધાઓ વધારવા તેમજ નાગરિકોને સરળ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે અનેક મહત્વપૂર્ણ કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

ગામમાં આંતરિક રસ્તાઓને આરસીસી, મુખ્ય માર્ગોના સુધારણા, ગટરલાઇનની વ્યવસ્થા, વરસાદી પાણીના નિકાલ માટેની સુવિધા અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે નિયમિત સફાઈ કામગીરી કરવામાં આવે છે. પીવાના શુદ્ધ પાણીની સુલભતા માટે પાણી પુરવઠાની વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે તેમજ પાણીનો બગાડ અટકાવવા જાગૃતિ કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. વીજળી પુરવઠો નિયમિત રહે તે માટે સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી ગામના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે.

ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાનને વિશેષ પ્રાથમિકતા આપવામાં આવે છે. ઘરઘર કચરા સંગ્રહ, જાહેર સ્થળોની સફાઈ, પ્લાસ્ટિક મુક્ત ગામ માટે જાગૃતિ અને સ્વચ્છતા અંગે પ્રેરણાત્મક કાર્યક્રમો યોજવામાં આવે છે. પર્યાવરણ સંરક્ષણ માટે વૃક્ષારોપણ, તળાવ-કૂવા સંવર્ધન અને પાણી સંરક્ષણ જેવી પ્રવૃત્તિઓ દ્વારા હરિયાળું ગામ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

પંચાયત કચેરી માત્ર વિકાસ કાર્યો પૂરતી સીમિત નથી, પરંતુ નાગરિક સેવાઓનું મહત્વપૂર્ણ કેન્દ્ર પણ છે. જન્મ-મરણના દાખલા, રહેઠાણ પ્રમાણપત્ર, આવક પ્રમાણપત્ર માટે માર્ગદર્શન, મિલ્કત સંબંધિત નોંધો અને વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવે છે. વૃદ્ધ પેન્શન, વિધવા સહાય, દિવ્યાંગ સહાય, આવાસ યોજના, ઉજ્જવલા, આયુષ્માન ભારત અને અન્ય કલ્યાણકારી યોજનાઓનો લાભ ગામના પાત્ર નાગરિકોને મળે તે માટે પંચાયત દ્વારા સક્રિય માર્ગદર્શન આપવામાં આવે છે. ગામના સામાજિક જીવનમાં પણ પંચાયત અગત્યની ભૂમિકા ભજવે છે. લગ્ન, ધાર્મિક પ્રસંગો, સામાજિક કાર્યક્રમો અથવા અન્ય પ્રસંગોમાં વિનામૂલ્યે પાણી ટેન્કર સેવા ઉપલબ્ધ કરાવવામાં આવે છે, જેના કારણે સામાન્ય નાગરિકોને આર્થિક રાહત મળે છે. આરોગ્ય સંબંધિત આપાતકાળીન પરિસ્થિતિઓમાં મફત એમ્બ્યુલન્સ સેવા અને જરૂરિયાતમંદોને વિનામૂલ્યે પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવી પંચાયતની લોકહિતની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે. માનવ સંવેદનાને કેન્દ્રમાં રાખી ગ્રામ પંચાયત દ્વારા મૈયત થયેલ નાગરિકના પરિવારજનો માટે બેસણામાં મફત ટેન્ટ, ગાદલા અને અન્ય આવશ્યક સામગ્રીની વ્યવસ્થા કરવામાં આવે છે. આવી સેવા ગામમાં પરસ્પર સહકાર અને સામાજિક એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. ગ્રામસભા દ્વારા લોકોની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે છે, જેમાં ગામના પ્રશ્નો, વિકાસ કાર્યો અને આવનારી યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવે છે. મહિલા સશક્તિકરણ, યુવાનોમાં જાગૃતિ, શિક્ષણ પ્રોત્સાહન અને આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા માનવ વિકાસને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે. આ રીતે કલમસર ગ્રામ પંચાયત વિકાસ, સેવા, પારદર્શિતા અને સામાજિક સંવેદનાના સુમેળ સાથે ગામને આધુનિક, સ્વચ્છ, સુવિધાસભર અને પ્રગતિશીલ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ગ્રામ પંચાયતના સક્રિય કાર્યથી કલમસર ગામ આજે ગ્રામ વિકાસના એક પ્રેરણાદાયી મોડેલ તરીકે ઉભરી રહ્યું છે.

### વર્તમાન ગ્રામ પંચાયત ટીમ

**સરપંચ** ચંપાબેન દિલીપસિંહ સિંધા, **ડે. સરપંચ** અજગરીબાનુ ઈરસાદઅલી સૈયદ, **સભ્યોઃ** રમીલાબેન જશુભાઈ સિંધા, નીરૂબેન ભગવાનસિંહ સિંધા, રાજેન્દ્રસિંહ કિરવતસિંહ સિંધા, રાજભા ગોપાલસિંહ સિંધા, રેશ્માબેન કનુભાઈ સોલંકી, વિમળાબેન પ્રવિણસિંહ પઢિયાર, બળવંતસિંહ દાનુભાઈ સિંધા, પ્રવિણસિંહ શનાભાઈ સિંધા, નયનાબેન કાન્તિભાઈ પ્રજાપતિ, રીટાબેન જશવંતસિંહ ગોહિલ, છોટનબીબી ઈર્ષાદઅલી સૈયદ, મણીલાલ મહીજીભાઈ જાદવ, ગાયત્રીબેન સચીનભાઈ રબારી



### ભૂતપૂર્વ સરપંચ

સૈયદ અલીમીયાં હસુમીયાં, સિંધા ખુમાનસંગ નાથાભાઈ, સૈયદ અલીમીયાં હસુમીયાં, સિંધા લઘુભાઈ મેરૂભાઈ, સૈયદ અલીમીયાં હસુમીયાં, સિંધા ખુમાનસંગ નાથાભાઈ, સિંધા ઉમેદસિંહ દેવિસિંહ, પરમાર મનુભાઈ સોમાભાઈ, સિંધા ગજેન્દ્રસિંહ ભીખુભાઈ, પરમાર લખીબેન અંબાલાલ, સિંધા સ્વરૂપબા મહિપતસિંહ, પઢિયાર અમરસંગ રણછોડભાઈ, સિંધા સુમિત્રાબેન દિલીપસિંહ.

## ખાનગી શાળાને ટક્કર મારે તેવી વિજયકુમાર સરકારી પ્રાથમિક શાળા



કલમસર ગામમાં ગ્રામ્ય સ્તરે જ પ્રાથમિક શિક્ષણ મળી શકે તે માટે સ્થાનિક શિક્ષણ પ્રેમી આગેવાનોએ શાળાની શરૂઆત થાય તે પ્રયત્ન કર્યા હતા. સરકારી પ્રાથમિક શાળા. વિજયકુમાર પ્રાથમિક શાળા તરીકે જાણીતી છે. શાળાનો સ્થાપના દિન ૧૪-૧૧-૧૮૯૪ છે. વર્તમાન સમયમાં શાળાના આચાર્ય દિલિપસિંહ સિંધા સહિત શૈક્ષણિક કર્મચારીઓ શૈક્ષણિક કાર્ય સહિત શાળા સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે કાર્યરત છે. શાળામાં હાલ ૫૦૦ ઉપરાંત બાળકો અભ્યાસ કરી રહ્યા છે. શિક્ષણ તથા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં કલમસર ગામની પ્રાથમિક શાળા ધ્વારા ઉત્કૃષ્ટ દેખાવ કરવામાં આવે છે. રાજ્ય કક્ષાની જીલ્લા કક્ષાએ પુરસ્કાર પ્રમાણપત્રો મળેલ છે. સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિવિધ સ્પર્ધાઓમાં શાળા તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાઓ સુધી પોતાની આગવી ઓળખ ઊભી કરેલ છે. અને કલમસર ગામનું નામ સર્વત્ર રોશન કરેલ છે. શાળામાં પરિસરમાં સુંદર બિલ્ડીંગમાં હાલ ૨૦થી વધુ ઓરડાની સુવિધા ઉપલબ્ધ છે .શાળા પરિસરમાં જ એસી પ્રાર્થનાસભા હોલ તથા મધ્યાહન ભોજન માટે વ્યવસ્થા કરેલ છે. શાળાનું વાતાવરણ ખાનગી શાળાને ટક્કર મારે તેથી પણ વિશેષ છે. શાળાના બાળકો CET, NMMS, PSC, JNV, જ્ઞાન સાધના જેવી પરીક્ષાઓમાં આગવી છાપ ધરાવે છે. શાળા નીતિ નિયમોનું ચુસ્ત પણે અમલ કરે છે. બાળકો અને શિક્ષકો સમય પાલન માટે કટિબદ્ધ છે. શાળાનું વિશાળ પટાંગણ રમત ગમત સહિત વિવિધ બાળ કૌશલ્ય પ્રવૃત્તિઓ માટે સુસજ્જ છે. શાળામાં બાળકો ડિજિટલ સ્માર્ટ ક્લાસ માં અભ્યાસ કરી રહ્યા છે. શાળા બાળકોને આનંદદાયક શિક્ષણ આપવા કટિબદ્ધ છે. ગ્રામજનો ,SMC ,અને શિક્ષકગણ શાળા વિકાસ માટે વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ રહે છે.

## કલમસર દુધ ઉત્પાદક સહકારી મંડળી પશુપાલકો માટે ૬૪ વર્ષથી આર્થિક આત્મનિર્ભરતાનું મહત્વનું કેન્દ્ર

ખંભાત તાલુકાના કલમસર ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ૬૪ વર્ષથી ગામના પશુપાલકો અને ખેડૂતો માટે આર્થિક સશક્તિકરણનું મુખ્ય કેન્દ્ર બની રહી છે. ગામમાં દુધાળા પશુઓની સંભાળ અને દૂધ ઉત્પાદન ગ્રામ્ય અર્થતંત્રનો અગત્યનો આધારસ્તંભ ગણાય છે. ગામના પશુપાલકો સવાર અને સાંજ બંને સમયે દૂધ મંડળીમાં દૂધ જમા કરાવી નિયમિત આવક મેળવે છે, જેના આધારે પરિવારનું ભરણપોષણ, સામાજિક પ્રસંગોનું આયોજન તથા બાળકોના શિક્ષણ જેવી જરૂરીયાતો પૂર્ણ કરવામાં મદદ મળે છે. કલમસર દુધ ઉત્પાદક સહકારી મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે ૧૧ સભ્યો ચૂંટાઈ આવ્યા છે અને તેઓ સંસ્થાનું વહીવટી કામકાજ સંભાળી રહ્યા છે. ચેરમેન અને વાઇસ ચેરમેન તરીકે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સર્વાનુમતે જવાબદારી નિભાવી સંસ્થાના વિકાસ માટે કાર્યરત છે. ગામમાં પશુપાલન સાથે ખેતી પણ આવકનો મહત્વનો સ્ત્રોત છે. ડાંગર અને ઘઉં ગામના મુખ્ય પાકો છે. પશુપાલનમાં દેશી ગાયો અને ભેંસોનું વિશેષ પ્રમાણ જોવા મળે છે, જેના કારણે દૂધ ઉત્પાદન ગામના અર્થતંત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે. કલમસર ગામમાં દૂધ મંડળી એકમાત્ર સહકારી સંસ્થા તરીકે કાર્યરત છે અને અમુલ ડેરીના સહયોગથી વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ સભાસદોને અપાય છે. ખાસ કરીને સામૂહિક અકસ્માત વીમા યોજના અંતર્ગત દૂધ ભરતા સભાસદના અકસ્માતજન્ય અવસાનના સંજોગોમાં તેમના વારસદારોને બે લાખ રૂપિયાથી વધુની વીમા સહાય આપવામાં આવે છે. આ રીતે કલમસર દુધ ઉત્પાદક સહકારી મંડળી માત્ર દૂધ એકત્રિત કરવાની સંસ્થા નથી, પરંતુ ગ્રામ્ય જીવનમાં આર્થિક સુરક્ષા, સહકાર અને આત્મનિર્ભરતાની ભાવનાને મજબૂત બનાવતું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહી છે.




(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)